## પબ્લીક ઓથોરીટી (જાહેર તંત્ર) ની વિગતો, કાર્યો અને ફરજો

| અ.નં | મુદ્દા | વિગત |
|---|---|---|
| ૨.૧ | જાહેર તંત્રનો ઉદ્દેશ /હેતુ | સમાજના ગરીબી રેખા ઉપરના તેમજ ગરીબી રેખા નીચેના એમ તમામ વર્ગના કુટુંબોને રેશનકાર્ડ એટલે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વાજબી ભાવની દુકાનમાંથી આવશ્યક ચીજવસ્તુઓ ખરીદવા માટે રાજય સરકાર દ્વારા નિયત નમૂનામાં આવશ્યક ચીજવસ્તુઓ મેળવવા માટેના રેશનકાર્ડ પુરાં પાડવા. તેમજ વપરાશકર્તા અને જરૂરીયાતમંદવર્ગને "આવશ્યક ચીજવસ્તુ" દિન પ્રતિદિન સરળતાથી નિયત ભાવ અને પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ થઈ રહે તેમજ ખાસ કરીને સમાજના ગરીબી રેખાથી નીચેના તેમજ અંત્યોદય કુટુંબોને રેશનકાર્ડ આપવા તેમજ બી.પી.એલ. અને અંત્યોદય અન્ન યોજના હેઠળ અનાજ, ખાંડ, ખાદ્યતેલ, કેરોસીન વગેરે આવશ્યક ચીજવસ્તુઓ વાજબી ભાવના પરવાનેદારો તેમજ છૂટક કેરોસીનના વિક્રેતાઓ મારફત મળી રહે તે માટે જિલ્લા કલેકટરશ્રીના નિયંત્રણ હેઠળ કાર્યરત પુરવઠા તંત્રનો ઉદ્દેશ આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાની જાળવણી, વિતરણ ઉપરાંત તપાસણી અને નિયમનનો પણ છે. |
| ૨.૨ | જાહેર તંત્રનો મિશન /દુરંદેશીપણુ ૮અયકયફદ૯ | પુરવઠા તંત્ર આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠાની જાળવણી, રોજીંદી ઉપલબ્ધી તેમજ સંગ્રહાખોરી તથા કાળાબજાર થતાં અટકાવવા ઉપરાંત ભવિષ્યની સંભવિત અછત/પુર/અન્ય કુદરતી આપતિઓને ધ્યાનમાં રાખી, વપરાશકર્તા વર્ગને આવશ્યક ચીજવસ્તુ ઉપરાંત ઘરવપરાશી ચીજવસ્તુઓ તેમજ પેટ્રોલીયમ પેદાશો પણ મળી રહે અને તેનો પુરવઠો જળવાઈ રહે તે માટે જુદી જુદી એજન્સીઓ, ખાનગી અને રાષ્ટ્રીયકૃત પેટ્રોલીયમ કંપનીઓ સાથે સંકલન કરી એક પ્લેટફોર્મ તરીકે પણ ફરજો બજાવે છે. |
| ૨.૩ | જાહેર તંત્રનો ટૂંકો ઈતિહાસ અને તેની રચનાનો સંદર્ભ. | ભારતમાં સને ૧૯૫૫માં આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ અમલી બન્યા બાદ, સમયાંતરે અને વખતોવખત સ્થાનીક પરિસ્થિતિ અને જરૂરીયાતને અનુલક્ષીને આ અધિનિયમની કલમ–૩ નીચે રાજય/કેન્દ્ર સરકારે વિવિધ આદેશો અમલી બનાવ્યા છે. જેમ કે,૧૯૮૦ થી આવશ્યક ચીજવસ્તુઓના કાળા બજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવી રાખવા બાબત ધારો અમલમાં લાવેલ છે. આવશ્યક ચીજવસ્તુ ની ખરીદી, સંગ્રહ, વેચાણ માટે ૧૯૮૧ માં પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત આદેશ અમલમાં મુકેલ છે. તા.૨૦/૬/૧૯૮૮ ના ઠરાવથી વ્યાજબી ભાવની દુકાનો શરૂ / મંજુર કરવા માટેની યોજના અમલમાં મુકેલ છે. આ યોજના નીચે તા.૨/૮/૨૦૦૪ ના ઠરાવથી રાજયના શિક્ષિત બેરોજગારોને પુરક રોજગારી મળી રહે તે માટે પંડિત દિન દયાળ ગ્રાહક ભંડાર યોજના શરૂ કરવામા આવી છે. ૧૯૯૮ નો પેટ્રોલ અને ડીઝલની ગુણવતા સંબંધી કેન્દ્રીય આદેશ રાજયમાં અમલમાં આવેલ છે. તેમજ જાહેર વિતરણ વ્યવસ્થા (નિયંત્રણ) હુકમ–૨૦૦૧ તથા સોલવન્ટ, રેફિનેટ અને સ્લોપ (પ્રાપ્તિ, વેચાણ અને ઓટોમોબાઈલમાં તેનો ઉપયોગ થતો અટકાવવા બાબત) હુકમ–૨૦૦૦, પેટ્રોલીયમ પ્રોટડકટ (ઉત્પાદન, સંગ્રહ અને પુરવઠો જાળવવા બાબત) હુકમ–૧૯૯૯ તેમજ પ્રવાહી પેટ્રોલીયમ ગેસ (મોટર વાહનમાં ઉપયોગનું નિયમન કરવા બાબત) હુકમ–૨૦૦૧ તેમજ બિનપરવાનેદાર વેપારીઓ ઉપર નિયંત્રણ અર્થે ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓના વેપારીઓનું (નિયમન કરવા બાબત) હુકમ–૧૯૭૭ અમલમાં મૂકેલ |

| | | |
|---|---|---|
| | | છે. આમ, સને ૧૯૫૫ થી આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ અમલી બન્યા બાદ તબકકાવાર જે તે સમયની માંગને અનુરૂપ આદેશો કેન્દ્ર/રાજય સરકારે બહાર પાડી તેની અમલવારી કરાવી છે. તેમજ નવા સમય અને સંજોગોની જરૂરીયાતને અનુલક્ષીને રાજય/કેન્દ્ર સરકાર નિયમો ઘડી તેનો અમલ રાજય કક્ષાથી માંડી તાલુકા કક્ષા સુધી પુરવઠા તંત્ર દ્વારા કરાવે છે. આ એક વણથંભી પ્રક્રિયા છે. |
| ૨.૪ | જાહેરતંત્રની ફરજો. | સમાજના ગરીબી રેખા ઉપરના તેમજ ગરીબી રેખા નીચેના એમ તમામ વર્ગના કુટુંબોને રેશનકાર્ડ એટલે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વાજબી ભાવની દુકાનમાંથી આવશ્યક ચીજવસ્તુઓ ખરીદવા માટે રાજય સરકાર દ્વારા નિયત નમૂનામાં આવશ્યક ચીજવસ્તુઓ મેળવવા માટેના રેશનકાર્ડ પુરાં પાડવા. ગ્રામ્ય વિસ્તારમાં ૨૦૦૦ ની વસ્તી દીઠ તેમજ શહેરી વિસ્તારમાં ૫૦૦૦ ની વસ્તી દીઠ ઓછામાં ઓછી એક વાજબી ભાવની દુકાન ખોલી લોકોને તેમના ગામ કે વિસ્તારમાં જ આવશ્યક ચીજવસ્તુઓનું વિગતરણ કરવું. તેમજ ઉપરોકત ક્રમાંક ૨.૧ થી ૨.૩ માં જણાવેલ વિગતે જિલ્લા પુરવઠા તંત્ર આવશ્યક ચીજવસ્તુના જથ્થાની જાળવણી, વિતરણ અને નિયમનની ફરજો બજાવે છે. તેમજ સમાજના ગીરીબી રેખાથી નીચેના તેમજ અંત્યોદય કુટુંબોને વાજબી ભાવની દુકાનો તેમજ કેરોસીનના છૂટક વિક્રેતાઓ મારફત આવશ્યક ચીજવસ્તુઓનું નિયત ભાવ અને પ્રમાણથી રેશનકાર્ડ ઉપર વિતરણ કરાવે છે. |
| ૨.૫ | જાહેર તંત્રની મુખ્યપ્રવૃતિઓ/કાર્યો | મુદ્દા નં.૨.૪ મુજબની પ્રવૃતિ તથા કાર્ય સ્થાનીક પુરવઠા તંત્ર બજાવે છે. |
| ૨.૬ | જાહેર તંત્ર ધ્વારા આપવામા આવતી સેવાઓની યાદી અને તેનુ સંક્ષિપ્ત વિવરણ. | જિલ્લામાં જાહેર વિતરણ વ્યવસ્થા ગોઠવી અંત્યોદય યોજના નીચે તેમજ ગરીબી રેખા નીચેના અને ગરીબી રેખા ઉપરના જરૂરીયાતમંદ રેશનકાર્ડ હોલ્ડરોને ઘઉ, ચોખા, ખાંડ, ખાદ્યતેલ, કેરોસીનનું જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વિતરણ કરવું. તદઉપરાંત અન્નપુર્ણા યોજના નીચે ૬૫ વર્ષથી ઉપરના અને કોઈ પ્રકારનું સરકારી પેન્શન કે સહાય ન મેળવતા કે કોઈ પણ પ્રકારની આવક ન ધરાવતાં નિરાધાર વૃધ્ધોને દર માસે ૧૦ કિલો ઘઉનુ વિનામૂલ્યે વિતરણ કરવું. સંપુર્ણ ગ્રામીણ રોજગાર યોજના ૮કઈનઈચઈથ૯ નીચે લાભાર્થીઓ માટે અનાજનો જથ્થો જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી મારફત ઉપલબ્ધ કરાવવામાં આવે છે. તે જથ્થાનું શ્રમિકોને આંશિક વેતનના બદલામાં વિતરણ કરાવવું. ગૃહ ઉપયોગી રાંધણગેસની વિતરણ વ્યવસ્થા પેટ્રોલીયમ કંપનીઓના સંકલનમાં રહીને જાળવવી તેમજ પેટ્રોલ અને ડીઝલ જેવી પેટ્રોલીયમ પેદાશોનો પુરવઠો જાળવી રાખવો અને લોકોને સરળતાથી ઉપલબ્ધ બને તેવા પગલાં લેવા. તે સિવાય આવશ્યક અને અંકુશિત ચીજવસ્તુઓનો જથ્થો બજારમાં જળવાય રહે તથા તેના કાળા બજાર ન થાય તે માટે નિયમીત રીતે મોનિટરીગ અને તપાસણી કરવી.<br>સમાજના તમામ વર્ગમાં ગ્રાહક જાગૃતિ કેળવાય તે માટે પગલાંઓ લેવા. જેમાં ખાસ કરીને પ્રાથમિક શાળાના બાળકો અને માધ્યમિક શાળા તથા કોલેજોના વિદ્યાર્થીઓના સ્તરેજ ગ્રાહક જાગૃતિની ભાવના વિકસિત થાય તે માટે કન્ઝયુમર્સ કલબોની સ્થાપના કરવી. ગ્રાહકોને તેમના અધિકારો પરત્વે જાગૃતિ, પસંદગીનો અધિકાર વગેરે બાબતે સમજ આપવી, ટૂંકમાં ગ્રાહક સુરક્ષા અંગેના પગલાંઓ લેવા.<br>પુર, વાવાઝોડું, ધરતીકંપ, ભારે વરસાદ જેવી કુદરતી આપતિના સમયે માનવતાની દૃષ્ટિએ |

| | | |
|---|---|---|
| | | લેવા પાત્ર થતાં રાહતના પગલાંઓ લઈ ડીસ્ટ્રીકટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીની મદદે રહેવું. |
| ૨.૭ | જાહેર તંત્રના રાજય, નિયામક કચેરી, પ્રદેશ, જિલ્લો, બ્લોક વગેરે સ્તરોએ સંસ્થાગત માળખાનો આલેખ. (જયા લાગુ પડતુ હોય ત્યાં) | રાજયમાં પુરવઠા અને ગ્રાહકો બાબતની વિગતો માટે નું માળખુ જોઈએ તો, સરકારશ્રી કક્ષાએ પુરવઠા વિષયક બાબતો માટે અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ છે. આ વિભાગ નીચે નિયામકશ્રી, નાગરિક પુરવઠા, અન્ન નિયામકશ્રી, કાનૂની માપ વિજ્ઞાન નિયંત્રકશ્રી તેમજ ગુજરાત રાજય નાગરિક પુરવઠા નીગમ લીમીટેડ કાર્યરત છે. જિલ્લા કક્ષાએ કલેકટરશ્રીના નિયંત્રણ હેઠળ જિલ્લા પુરવઠા અધિકારી કાર્યરત છે.<br><br>તેમજ નાયબ મેનેજર (ગ્રેડ–૨), ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લીમીટેડ પણ જિલ્લામાં ફરજો બજાવે છે. તાલુકા કક્ષાએ પુરવઠા વિષયક બાબતોની કાર્યવાહી મામલતદારશ્રી તેમજ નાયબ મામલતદાર પુરવઠા અને ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લીમીટેડના ગોડાઉન મેનેજર ફરજો બજાવે છે. એકંદરે પુરવઠા તંત્રનું માળખું નીચે મુજબ છે. તાલુકા કક્ષાએ પબ્લીક ઓથોરીટી તરીકે સંબંધિત તાલુકા મામલતદારશ્રીઓને જાહેર માહિતી અધિકારી તરીકે કલેકટરશ્રી, રાજકોટના તા.૨૧–૯–૨૦૦૫ ના હુકમ નાં. જન–એડીએમ–ફા.નં. ૭૨/૦૫ થી નિયુકત કરવામાં આવેલ છે. |



| | | |
|---|---|---|
| ૨.૮ | જાહેર તંત્રની અસરકારકતા અને કાર્યક્ષમતા વધારવા માટેની લોકો પાસેથી અપેક્ષાઓ. | દેશભરમાં કેન્દ્ર સરકારનો ગ્રાહકોની બાબતોનો વિભાગ તેમજ રાજ્યમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતના વિભાગ લોકોને તેમને મળવા પાત્ર આવશ્યક ચીજવસ્તુઓ નિયત પ્રમાણ અને ભાવથી મળી રહે તે માટે પ્રયત્નશીલ છે. સાથોસાથ વપરાશકર્તા વર્ગ પણ તેમના હકકો પરત્વે જાગૃત રહે અને સરકારશ્રીએ અમલમાં મૂકલે યોજનાઓની જાણકારી મેળવે, દરેક યોજના હેઠળ મળવાપાત્ર લાભો તેમજ વિતરણના પ્રમાણ અને ભાવથી જ્ઞાત રહે તેમજ ખરીદી વખતે પણ સાવચેત રહે, બીલ લેવાનો આગ્રહ રાખે તેમજ દવાઓ જેવી ખરીદી હોય તો તેની મુદત વિતી ગયેલ નથી તેની ખાત્રી કરે અને તે રીતે ગ્રાહક જાગૃતિ કેળવે તે અતિ આવશ્યક છે. તેમના હકોમાં જે કોઈ માણસો બાધાજનક બનતા હોય તેમની સામે વપરાશકર્તા અને ગ્રાહકો અવાજ ઉઠાવી, તેમના હકકોના જતન માટે પુરવઠા તંત્ર સાથે વિચારોની આપ લે કરે, તેમની જરૂરીયાત જણાવે તથા તપાસણી અને નિયમન માટે બાતમી આપે તે આવશ્યક છે. વપરાશકર્તા વર્ગ ગ્રાહક સુરક્ષાની પ્રવૃતિનો લાભ લે તે પણ અપેક્ષિત છે. લોકોની જાણકારી અર્થે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ હાલ વિતરણ થતી આવશ્યક ચીજવસ્તુઓનું પ્રમાણ તથા ભાવો નીચે મુજબ છે. |

| ક્રમ | યોજના | હાલનું પ્રમાણ અને ભાવ | | | | વધારાનું પ્રમાણ | |
|---|---|---|---|---|---|---|---|
| | | ઘઉં | ભાવ | ચોખા | ભાવ | ઘઉં | ચોખા |
| ક | બી.પી.એલ. વ્યકિત દિઠ | ૧.૫ કિલો | રૂા. ૨ | ૧ કિલો | રૂા. ૩ | ૫ કિલો ભાવ રૂા.૫ | ૨.૫ કિલો ભાવ રૂા.૬.૭૦ |
| | મહતમ | ૯ કિલો | | ૩.૫ કિલો | | | |
| × | અંત્યોદય | ૨૦ કિલો | રૂા. ૨ | ૫ કિલો | રૂા. ૩ | ૮ કિલો ભાવ રૂા.૨ | ૨ કિલો ભાવ રૂા.૩ |
| ઘ | એપીએલ | ૫.૦ કિલો | રૂા. ૭ | ૨.૫ કિલો | રૂા. ૧૦ | — | — |
| | મહતમ | ૨૫ કિલો | | ૧૦ કિલો | | | |
| , | અન્નપૂર્ણા યોજના | વ્યકિત દીઠ ૧૦ કિલો | વિના મૂલ્યે | — | — | — | — |

નોંધઃ–

(૧) બી.પી.એલ. અને અંત્યોદય કાર્ડધારકોને વ્યકિતદીઠ ૫૦૦ ગ્રામ ખાંડ રૂા. ૧૩–૫૦ પ્રતિ કિલોગ્રામના ભાવે.

(૨) સીંગલ બોટલ કે ડબલ બોટલ કોઈ પણ પ્રકારનું ગેસ જોડાણ નહી ધરાવતા તમામ રેશનકાર્ડ ધારકોને પ્રતિ માસ ૧૦ લિટર અથવા સમાન ફાળવણીના ધોરણે ૮ થી ૯ લિટર કેરોસીન તાલુકાવાર ઓછામાં ઓછા રૂા. ૮–૮૫ પૈ. થી વધુમાં વધુ રૂા. ૯–૧૦ પૈ. (જકાત સિવાય) ના પ્રતિ લિટરના ભાવે. તાલુકા મથકેથી ૧૦ કિ.મી. થી વધુ અને ૪૦ કિ.મી. સુધીના અંતર માટે ડીલર પ્રતિ લિટરે રૂા. ૦–૦૫ પૈ. અને ૪૦ કિ.મી.થી ઉપરના અંતર માટે પ્રતિ લિટરે રૂા. ૦–૧૦ પૈ. ભાવ વધુ લઈ શકશે. ઉપર મુજબના ભાવ આ કચેરીના તા.૧૫–૯–૨૦૦૫ ના હુકમ નાં. પરવ–કસન–રડી–ભાવ મુકરર–૩૩૦–૩૧ થી મુકરર કરવામાં આવેલાં છે.

| | | |
|---|---|---|
| ૨.૯ | લોકસહયોગ મેળવવા માટેની ગોઠવણ અને પધ્ધતિઓ. | લોકસહયોગના કામે જોઈએ તો,વપરાશકર્તા અને ગ્રાહકો તેમની સમસ્યાની રજુઆત મુદ્દા નં.૨.૭ માં દર્શાવેલ પુરવઠા વિષયક માળખામાં કોઈપણ કક્ષાએ કરી શકે છે. તદઉપરાંત<br>૧.જિલ્લા ગ્રાહક સુરક્ષા પરિષદ<br>૨.ગ્રામ્ય પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ<br>૩.ગ્રામ્ય તકેદારી સમિતિ<br>૪. તાલુકા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ<br>૫.શહેર નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ.<br>૬.જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિનો સહયોગ લોકો મેળવી શકે છે. જિલ્લા કક્ષાએ કલેકટરશ્રીના અધ્યક્ષપદે કાર્યરત સંકલન સમિતિમાં પણ પ્રશ્નોની રજુઆત મેળવી ગ્રાહકોની સમસ્યાનુ નિરાકરણ કરવામા આવે છે. પુરવઠા વિષયક કામગીરીમાં કોઈપણ કક્ષાએ અડચણ અનુભવાતી હોય તો તે દુર કરવા માટે "માન. મુખ્ય મંત્રીશ્રીના ફરિયાદ નિવારણ કાર્યક્રમ" અને "સ્વાગત" ઓન લાઈન કાર્યક્રમમાં પણ લોકોની સામેલગીરી મેળવવામાં આવે છે. આમ, લોક સમસ્યાના નિવારણ અર્થે એકથી વધારે ફોરમ ઉપલબ્ધ છે. |

| | | |
|---|---|---|
| ૨.૧૦ | સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરીયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્ર. | મુદ્દા નં.૨.૯ માં દર્શાવેલ વિગતોએ વિવિધ કક્ષાએ, વપરાશકર્તા અને ગ્રાહકોને સેવા આપવા તેમજ જાહેર ફરીયાદ અને સમસ્યાના નિવારણ માટે તંત્રની સેવા તથા સુવિધા ઉપલબ્ધ છે. |
| ૨.૧૧ | મુખ્ય કચેરી અને જુદાજુદા સ્તરોએ આવેલ અન્ય કચેરીઓના સરનામા | રાજય કક્ષાએ :<br>૧. અગ્ર સચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકો બાબતોનો વિભાગ, બ્લોક નં.૧૪/૬, સચિવાલય, ગાંધીનગર.<br>ફોન નં. ૦૭૯–૨૩૨૫૧૧૬૩<br>ફેકસ નં. ૦૭૯–૨૩૨૫૧૧૯૯<br>૨. નિયામકશ્રી, નિયામક નાગરિક પુરવઠાની કચેરી, બ્લોક નં.૧૪/૫, સચિવાલય, ગાંધીનગર.<br>ફોન નં. ૦૭૯–૨૩૨૫૧૧૬૯<br>ફેકસ નં. ૦૭૯–૨૩૨૫૨૬૪૦<br>૩. અન્ન નિયામકશ્રી, અન્ન નિયામકની કચેરી, બ્લોક નં.૧૪/૫, સચિવાલય, ગાંધીનગર.<br>ફોન નં. ૦૭૯–૨૩૨૫૧૧૬૭<br>ફેકસ નં. ૦૭૯–૨૩૨૫૪૮૦૬<br><br>૪. નિયંત્રકશ્રી, કાનૂની માપ વિજ્ઞાન અને નિયામકશ્રી, ગ્રાહકોની બાબતો, "તોલમાપ ભવન" સારંગપુર પાણીની ટાંકી સામે, સારંગપુર, અમદાવાદ<br>ફોન નં. ૦૭૯–૨૧૧૧૪૧૭૭<br>ફેકસ નં. ૦૭૯–૨૨૧૧૪૨૩૪<br>૫. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી., સેકટર–૧૦, હોટલ હવેલીની સામે, ગાંધીનગર<br>ફોન નં. ૦૭૯–૨૩૨૨૧૦૩૭/૨૩૨૨૧૦૩૮<br>ફેકસ નં. ૦૭૯–૨૩૨૨૨૭૦૭<br><br>જિલ્લા કક્ષાએ :<br>૧. કલેકટરશ્રી, કલેકટર કચેરી, જુની વેસ્ટ હોસ્પીટલ બિલ્ડીગ, રાજકોટ –૩૬૦ ૦૦૧<br>ફોન નં. ૦૨૮૧–૨૪૪૭૭૬૦–૬૩<br>ફેકસ નં. ૦૨૮૧–૨૪૫૩૬૨૧ |

| | | |
|---|---|---|
| | | ૨. જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જુની વેસ્ટ હોસ્પીટલ બિલ્ડીગ, રાજકોટ –૩૬૦ ૦૦૧<br>ફોન નં. ૦૨૮૧–૨૪૭૬૮૯૧<br>ફેકસ નં. ૦૨૮૧–૨૪૫૦૭૭૮<br>૩. મદદનીશ નિયંત્રકશ્રી, કાનૂની માપ વિજ્ઞાન, કલેકટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ<br>ફોન નં. ૦૨૮૧–૨૪૪૫૫૩૮<br>૪. નાયબ મેનેજરશ્રી ગ્રેડ–૨, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. પોપટપરા રેલ્વે પૂલ સામે, રાજકોટ<br>ફોન નં. ૦૨૮૧–૩૦૯૭૨૬૫/૩૦૯૭૨૯૩<br><u>તાલુકા કક્ષાએ :</u><br>૧. જે તે તાલુકાના મામલતદારશ્રી<br>(કે જેઓને કલેકટરશ્રી, રાજકોટના તા.૨૧–૯–૨૦૦૫ ના હુકમથી તાલુકાના જાહેર માહિતી અધિકારી તરીકે નિયુકત કરવામાં આવેલ છે તેથી તાલુકાની પુરવઠા વિષયક માહિતી મામલતદારશ્રી પાસેથી મેળવવાની રહેશે) |
| | કચેરી શરૂ થવાનો સમય.<br>કચેરી બંધ થવાનો સમય. | દરેક સરકારી કચેરી જાહેર રજાના દિવસો સિવાય સવારના ૧૦:૩૦ કલાકથી સાંજના ૧૮:૧૦ કલાક સુધી કાર્યરત હોય છે. (બપોરે સ્થાનિક અનુકૂળતા મુજબ ૨–૦૦ થી ૩–૦૦ ના સમય દરમિયાન કોઈ પણ અડધો કલાક રીસેસ રહેશે) |